# સહસ્રાર, પ્રકાશનો લોક

## ઈશા સરદેસાઈ દ્વારા લિખિત

### બાબા મુક્તાનંદની મહાસમાધિના સન્માનમાં
### સિદ્ધયોગ મહોત્સવ સત્સંગ
### શનિવાર, ૩૧ ઑક્ટોબર, ૨૦૨૦

એવું લાગે છે કે માનવના રૂપમાં મોટે ભાગે આપણું કામ છે, આપણા જીવન અને આપણા સંસારને અર્થ પ્રદાન કરવો અને આમ કરીને જે વિશાળ, સુંદર, જટિલ પ્રગટ સંસારનો આપણે એક ભાગ છીએ તેમાં સુરક્ષાનો આભાસ કરવો. જ્યારે આપણે બાળક હોઈએ છીએ ત્યારે આપણી આસપાસની દુનિયાને જોઈને આપણે વિસ્મિત થઈએ છીએ અને પૂછીએ છીએ કે તે શું છે, આપણે કોણ છીએ, ત્યાં જે વસ્તુ છે તે આપણી સાથે કેવી રીતે જોડાયેલી છે. આ જિજ્ઞાસા એટલે કે આ સંસારના અર્થને અને તેમાં આપણે ક્યાં છીએ, આપણું શું સ્થાન છે, તેને જાણવા-સમજવાની લલક આપણી વધતી ઉંમરની સાથે લુપ્ત નથી થતી. આપણે બસ કલ્પનાઓ અને લેબલોને ભેગા કરતાં જઈએ છીએ, રીતરિવાજો અને પરંપરાઓને, શું સારું અને મૂલ્યવાન છે તેના વિશે ધારણાઓ અને માન્યતાઓને ભેગી કરતાં જઈએ છીએ અને થોડા ઘણા અંશે આ બધું, જાણવા-સમજવાની આપણી લલકને તૃપ્ત કરે છે.

તોપણ આપણા આ સંસાર વિશે કોઈપણ પ્રકારનું અનુમાન નથી લગાવી શકાતું. વસ્તુઓ કેવી હોવી જોઈએ, શું સાચું છે અને શું ખોટું છે, આપણે અને બીજાંઓએ કેવું વર્તન કરવું જોઈએ, એના વિશે આપણા *પોતાના* વિચારો હોય છે. પરંતુ, ઘણીવાર આપણે આપણી આસપાસ જે જોઈએ છીએ, તે આપણા માપદંડો અનુસાર નથી હોતું. ભલે આપણે એવું જીવન ઘડવા માટે ખૂબ જ પ્રયત્ન કરતા હોઈએ જે સુવ્યવસ્થિત હોય, જેમાં ઉદ્દેશ્ય હોય તેમછતાં આપણે પોતાને એવી પરિસ્થિતિઓમાં જોઈએ છીએ જે તર્ક કે સમજથી વિપરીત હોય છે.

આવી પરિસ્થિતિઓમાં આપણે શું કરવું જોઈએ?

સિદ્ધયોગ પથના વિદ્યાર્થી તરીકે આપણે જાણીએ છીએ કે આ કંઈ આપણાં કર્તવ્યોને છોડી દેવાની વાત નથી કે બધું છોડીને જતાં રહેવાની વાત પણ નથી. બલ્કે, આનો અર્થ એ સમજવું છે કે આ પ્રગટ જગતમાં બીજું પણ કંઈક છે. આપણા માટે બળ અને શક્તિના ભંડાર ઉપલબ્ધ છે જેનો ક્યારેય ક્ષય નથી થઈ શકતો, આપણા માટે અર્થ અને ઉદ્દેશ્યથી પરિપૂર્ણ એવા સ્રોત ઉપલબ્ધ છે જે એ પરિસ્થિતિઓ પર નિર્ભર નથી કરતા જેના પર

આપણું નિયંત્રણ સીમિત છે. આપણી અંદર એવાં-એવાં લોકલોકાંતર છે જેના વિશે આપણે હજી અજ્ઞાત છીએ. પ્રકાશનો એવો લોક છે જે એટલો દેદીપ્યમાન છે કે બહિર્મુખી આંખો તેને જોઈ નથી શકતી. આપણે આ અંતર-જગતની અનુભૂતિ કરવા માટે શ્રીગુરુની પાસે આવીએ છીએ, સાધના કરીએ છીએ — જેથી આપણે એક વિસ્તૃત અને જ્ઞાનયુક્ત બોધ સાથે આ પૃથ્વી પર આપણું જીવન જીવીએ.

બાબા મુક્તાનંદે ખૂબ જ ઉત્સાહથી સહસ્રાર વિશે શીખવ્યું, એ હજાર પાંખડીઓવાળા કમળ વિશે જે સૂક્ષ્મ શરીરમાં માથાના ઉપરના ભાગમાં સ્થિત છે. એક સાધક રૂપે આપણી યાત્રાનું ગંતવ્ય એ જ છે; સિદ્ધયોગ પથ પર આપણી સાધનાનું લક્ષ્ય એ જ છે.

પ્રશ્નોપનિષદમાં કહેવામાં આવ્યું છે કે સૂક્ષ્મ શરીરમાં ૭ કરોડ ૨૦ લાખ નાડીઓનો સમુદાય છે. આ નાડીઓ આપણી સંપૂર્ણ સત્તામાં પ્રાણનો સંચાર કરે છે. શ્રીગુરુની કૃપાથી જ્યારે આપણી અંદર કુંડલિની શક્તિ જાગ્રત થાય છે, ત્યારે આ ચેતન અને દિવ્ય શક્તિ મધ્યનાડી એટલે કે સુષુમ્ણા નાડીમાં થઈને પોતાનું ઊર્ધ્વગમન શરૂ કરી દે છે. સુષુમ્ણા નાડીનો વિસ્તાર સ્થૂળ શરીરમાં કરોડરજ્જુની સમાંતર છે.

જેમજેમ કુંડલિની શક્તિ ઊર્ધ્વગમન કરતી જાય છે, તેમતેમ તેના દ્વારા આરંભ કરાયેલી રૂપાંતરણ-પ્રક્રિયાને પોષિત કરવા માટે આપણે આધ્યાત્મિક સાધના કરીએ છીએ. આપણે નામસંકીર્તન કરીએ છીએ, ધ્યાન કરીએ છીએ, દક્ષિણા અર્પિત કરીએ છીએ અને શ્રીગુરુગીતાનો પાઠ કરીએ છીએ. જેમજેમ આપણે સિદ્ધયોગના અભ્યાસો કરતાં જઈએ છીએ, શક્તિ ક્રમશઃ છ ચક્રોમાંથી દરેકનું શુદ્ધીકરણ કરતી જાય છે; ચક્ર સુષુમ્ણા નાડી પર સ્થિત કમળના આકારનાં એ કેન્દ્રબિંદુઓ છે, જ્યાં બધી નાડીઓ આવીને મળે છે. પરિણામ સ્વરૂપ પ્રાણ સુષુમ્ણા નાડીમાંથી નીકળતી લાખો નાડી-સમુદાયમાંથી ગતિમાન થાય છે અને તેમાં સંચિત પૂર્વ સંસ્કારો અને કર્મોને નષ્ટ કરતો જાય છે. કુંડલિની શક્તિની યાત્રા ઉપર, ઉપર, ઉપરની તરફ આગળ વધતી જાય છે — તે આપણને સ્વચ્છ, શુદ્ધ કરતી જાય છે, આપણને એ દુઃખથી અને શુષ્કતાથી મુક્ત કરતી જાય છે જેને આપણે આપણી અંદર લાંબા સમયથી સંચિત કરી રાખ્યાં છે. તે આપણી મદદ કરે છે જેથી આપણે આપણી અંદર વધુને વધુ સામંજસ્ય લાવી શકીએ; આવું તે ત્યાંસુધી કરતી રહે છે જ્યાંસુધી અંતતઃ તે માથાના ઉપરના ભાગમાં સ્થિત સહસ્રાર સુધી પહોંચી ન જાય.

સંસ્કૃત ભાષામાં સહસ્રારનો અર્થ છે, ‘‘એક હજાર આરા’’. આ અર્થ પ્રમાણે, આ કમળ કે ચક્રની સહસ્ર પાંખડીઓ તેના મધ્યબિંદુમાંથી નીકળીને બહારની તરફ, કુંડલાકારમાં ફેલાય છે અને અનંતતામાં વ્યાપ્ત થાય છે. આ પાંખડીઓનો રંગ વિશુદ્ધ શ્વેત હોય છે, તેનો આકાર સુંદર હોય છે અને તેમાંથી નીકળતો પ્રકાશ એટલો તેજોમય હોય છે કે એવું કહેવાય છે કે તેની દીપ્તિ હજારો સૂર્યની સમાન છે.

સહસ્રારના મધ્યમાં વિદ્યમાન છે, ઝગમગતું જ્યોતિર્મય નીલબિંદુ, જેના વિશે બાબાજી ઘણીવાર શીખવતા હતા. નીલબિંદુ એક તલના આકારનું હોય છે, તે પરમ આત્માનું પ્રતીક છે અને આ સંપૂર્ણ બ્રહ્માંડનું ઉદ્‌ગમ-સ્થાન છે.

સહસ્રાર અને નીલબિંદુનાં દર્શન કરવાનો અર્થ છે કે જીવાત્માની પરમાત્મા સાથે એકાકાર થવાની અનુભૂતિ કરવી. એટલા માટે, કહેવામાં આવે છે કે સહસ્રારના લોકમાં શબ્દો ઓછા પડે છે. વિચારો ત્યાં પહોંચી નથી શકતા.

સહસ્રાર મન અને ઇન્દ્રિયોની શક્તિઓથી પરે છે; તે એ બધાંની પરે છે જેનાથી આપણા અસ્તિત્વનું યોગ્ય વર્ણન કે આલેખન કરી શકાય છે. તેના બદલે, ત્યાં ઉદિત થાય છે, પૂર્ણોઽહમ્‌નો એટલે કે "હું છું"નો બોધ. અને એક જન્મ સુધી આ "હું છું"માં હજી વધારે ઉપાધિઓ જોડ્યાં પછી એ પ્રકાશ સાથે આપણું પુનર્મિલન થાય છે, એ પ્રકાશ જે આપણે ત્યારે હતા જ્યારે તે આપણી બધી ધારણાઓ, કલ્પનાઓ, લેબલ અને સિદ્ધાંતો દ્વારા સંકુચિત નહોતો થયો. બાહ્ય વસ્તુઓના આધારે જ્યારે આપણે આપણી ઓળખ બનાવી લઈએ છીએ ત્યારે સુખ-દુઃખ, પ્રસન્નતા-ખિન્નતા રૂપી જે દ્વંદ્વોનો આપણી અંદર ઉદય અને અસ્ત થતો રહે છે, અહીં તેની આપણા પર પકડ નથી રહેતી.

સહસ્રારના નિવાસસ્થાનમાં આપણે બસ... હોઈએ છીએ. *હું છું.* અથવા, જેમ બાબાજી લોકોને આવું કહેવાનું શીખવતા હતા : *હું પ્રકાશ છું.*

આ સત્સંગનું શીર્ષક છે, 'दिव्य विश्रान्ति के लोक में वास करो' (દિવ્ય વિશ્રાંતિના લોકમાં વાસ કરો).

સિદ્ધયોગ પથ અતુલનીય છે, ખાસ કરીને એટલા માટે કારણકે આ પથનું અનુસરણ કરવાથી તે આપણને અહીં આ લોકમાં લઈ આવે છે. તેથી બાબાજીએ જે કર્યું તે અત્યંત ક્રાંતિકારી હતું — તેમણે શક્તિપાત દીક્ષાને વિશ્વ માટે સુલભ બનાવી, તેમણે લોકોને સહસ્રાર અને નીલબિંદુ વિશે શિખામણો પ્રદાન કરી અને તેની પ્રત્યક્ષ અનુભૂતિ પ્રદાન કરી. બાબા મુક્તાનંદની કૃપાથી, ભગવાન નિત્યાનંદની કૃપાથી અને ગુરુમાઈ ચિદ્વિલાસાનંદની કૃપાથી આપણે દિવ્ય વિશ્રાંતિના લોકમાં વાસ્તવમાં વાસ *કરી શકીએ છીએ.* સહસ્રાર કોઈ વિચાર કે કલ્પના નથી. તે કોઈ ગૂઢ સંકલ્પના નથી જેનો પ્રયોગ માત્ર શાસ્ત્રીય ઉપદેશો સુધી જ સીમિત હોય. તે આધ્યાત્મિક માર્ગના સાધકોનો એક જીવંત અનુભવ છે, અને તે તમારો છે, જેને તમારે જાણવાનો છે, અનુભવ કરવાનો છે.

© ૨૦૨૩ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.